શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે

NIPUN BHARAT
પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન

જિલ્લા પ્રોજેક્ટ કો ઓર્ડિનેટરશ્રીની
કચેરી,સમગ્ર શિક્ષા,જિલ્લા સેવા સદન–૨
બીજો માળ,રૂમ નં–૨૫ થી ૨૮
જોરાવર પેલેસ,પાલનપુર–બનાસકાંઠા
ઈમેઈલ:–dpcbanaskantha@gmail.com
ph.No:-02742-259668 ,254639
TOLL FREE NO:-1800 233 3142

ક્રમાંક: NO.RMSA/SEC.EDU./2025/ 1119 - 1156 DATE:16/01/2025

પ્રતિ,

આચાર્યશ્રી,

સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,

અનુદાનિત સબંધિત વોકેશનલ શાળાઓ તમામ.

જિ. બનાસકાંઠા

વિષય: વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન ફાળવવામાં આવેલ ગ્રાન્ટ અને ખર્ચ અંગેની સૂચનાઓ બાબત.

સંદર્ભ: માન.નાણાં નિયંત્રક,સમગ્ર શિક્ષા,ગાંધીનગરના પત્રક્રમાંક:સમગ્ર શિક્ષા/હસબ/૨૦૨૪/૩૧૦૪૧-૧૨૨ તા.૨૫/૦૭/૨૦૨૪.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે શિક્ષા મંત્રાલય, ભારત સરકાર દ્વારા સરકારી શાળાઓમાં શૈક્ષણિક ગુણવત્તા સુધારણા તેમજ બાળકોના સર્વાંગી વિકાસ માટે અલગ- અલગ-કાર્યક્રમ મૂકવામાં આવેલ છે. આ કાર્યક્રમોનું સુચારૂં અમલીકરણ થઈ શકે તે માટે કરવાની થતી વિવિધ પ્રવૃત્તિઓ માટે સમગ્ર શિક્ષા કચેરીને વિવિધ પ્રકારની ગ્રાન્ટ આપવામાં આવે છે. સંદર્ભ-૧ થી સમગ્ર શિક્ષાના વિવિધ કાર્યક્રમોના અમલીકરણ અર્થે PAB 2024-25 બજેટમાંથી સરકારી માધ્યમિક શાળાઓ તેમજ બીઆરસી, સીઆરસી કક્ષાએ ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. જે મુજબ શાળા, ક્લસ્ટર, તાલુકા કક્ષાએ તમામ કાર્યક્રમોના અમલીકરણ માટે આ સાથે સામેલ પત્રની વિગતોને ધ્યાને લઈ જરૂરી વ્યવસ્થા કરી નિયત સમયમર્યાદામાં ભૌતિક પ્રગતિ અને નાણાકીય લક્ષ્યાંકો સિધ્ધ કરવા જણાવવામાં આવે છે.

<u>બિડાણ</u>: સંદર્ભદર્શિત પત્ર અને વિગતો.

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા,પાલનપુર

<u>સવિનય નકલ રવાના:</u>

- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી સ્ટેટ પ્રોજેક્ટ કચેરી સમગ્ર શિક્ષા, ગાંધીનગર

<u>નકલ રવાના જાણ તેમજ કાર્યવાહી સારું:</u>

- જિલ્લા પ્રોજેક્ટ કો. ઓર્ડિનેટર અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, બનાસકાંઠા તરફ જાણ સારૂં.
- હિસાબનીશ શાખા, સમગ્ર શિક્ષા, બનાસકાંઠા તરફ જાણ તથા આગળની કાર્યવાહી સારૂં.
- તાલુકા બી.આર.સી કો.ઓર્ડિનેટરશ્રી, ડી.આર.પી.(વી.ઇ), તાલુકા બી.આર.પી કો.ઓર્ડિનેટરશ્રી બનાસકાંઠા તરફ જાણ, અમલવારી સારૂં.

શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે

NIPUN BHARAT
પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન

જિલ્લા પ્રોજેક્ટ કો ઓર્ડિનેટરશ્રીની
કચેરી,સમગ્ર શિક્ષા,જિલ્લા સેવા સદન-૨
બીજો માળ,રૂમ નં-૨૫ થી ૨૮
જોરાવર પેલેસ,પાલનપુર-બનાસકાંઠા
ઈમેઈલ:-dpcbanaskantha@gmail.com
ph.No:-02742-259668 ,254639
TOLL FREE NO:-1800 233 3142

## ચાઈલ્ડ લીમીટ સ્વરૂપે ગ્રાન્ટ બાબતે સુચના જિ.બનાસકાંઠા

આ અંગેનો ખર્ચ વ્યવસાયલક્ષી શિક્ષણ અંતર્ગત વર્ષ-૨૦૨૪-૨૫ નાં બજેટ અંતગર્ત ફાળવેલી ગ્રાન્ટનો ઉપયોગ નિયમનુસાર કરવાનો રહશે.તેમજ કરેલ ખર્ચનાં યુ.ટી.સી.સર્ટી દર માસે અત્રેની કચેરીએ મોકલી આપવાના રહેશે.

(૧) સદર ગ્રાન્ટનું ચુકવણું ફરજિયાત PFMS થી કરવાનું રહેશે.
(૨) આચાર્યશ્રીએ કરેલ ખર્ચનાં યુ.ટી.સી.અત્રેની કચેરીએ રજુ કરવાનું રહેશે.
(૩) વોકેશનલ અંતર્ગત ફાળવેલ બચત ગ્રાન્ટ નાણાકીય વર્ષનાં અંતે જમાં કરાવવાની રહેશે.
(૪) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ.
(૫) આ મંજુરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્ય સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
(૬) આ અંગેનું ખર્ચ સમગ્ર શિક્ષાના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતાં ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓનું ચુસ્તપણેપાલન કરવાનું રહેશે.
(૭) આ મંજુરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદીનીતિથી જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
(૮) આઈ.ટી.સંબધિત તમામ બાબતો અંગે સાયન્સ અને ટેકનોલોજી વિભાગની વખતોવખતની સુચનાઓની ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
(૯) આ કામના ટેન્ડર પ્રોસેસિંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગનાં તા.૦૪/૧૦/૨૦૧૭નાં ઠરાવ ક્રમાંક:-એસપીઓ/૧૦૨૦૧૫/૬૯૧૦૫૩ ચ/માં ઈ ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનું તથા સરકાર દ્વારા થતી ખરીદી માટેની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
(૧૦) જિલ્લા કચેરી દ્વારા જે શરતોએ મંજુરી આપવામાં આવેલ તેમાં કોઈપણ સંજોગોમાં જિલ્લાની લેખિત મંજુરી વિના ફેરફાર કરી શકાશે નહી અન્યથા તે અંગે જવાબદારી જે તે આચાર્યશ્રીની રહેશે.
(૧૧) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે જીલ્લાના આદેશો મેળવી લેવાના રહેશે. અને યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
(૧૨) વર્તમાન પરિસ્થિતિમાં કોવીડ-૧૯નાં સંજોગોમાં કરકસરનાં પગલારૂપે નાણા વિભાગના તા.૦૬.૦૬.૨૦૨૦ ના ઠરાવમાં સુચવેલ કરકસરનાં પગલાની સુચનાઓનો ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
૧૩) અનુદાનિત વોકેશનલ શાળાઓના SNA એકાઉન્ટ ખૂલેલ નથી એવી તમામ શાળાઓને બી.આર.સી કો.ઓર્ડીનેટર કક્ષાએ ગ્રાન્ટ લીમીટ ફાળવવામાં આવે છે તે અન્વયે વોકેશનલ ગ્રાન્ટેડ શાળા દ્વારા કરવામાં આવેલ ખરેખર ખર્ચનું રીએમ્બર્સ ખર્ચ ફાઈલ બી.આર.સી કક્ષાએ રજુ થયેથી સાદર ખર્ચ ફાઈલ બી.આર.સી શ્રી એ જિલ્લા કચેરી મંજુર કરાવ્યા પછી જે તે ગ્રાન્ટેડ શાળાના બેંક ખાતામાં PFMS થી વેન્ડર બનાવી જમા કરવાની રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા,પાલનપુર